chapter-3



# પ્રકરણ-૩

## લલિત નિબંધ અને ગુજરાતી વિવેચન

ગુજરાતી સાહિત્યક્ષેત્રે લલિત નિબંધના સ્વરૂપ વિશે અનેક વિવેચકોએ પોતાના અભિપ્રાયો - મંતવ્યો આપ્યા છે અને વિવેચનો પણ કર્યાં છે, પણ અહીં આ બધી જે ચર્ચાઓ – વિચારણાઓ (લલિત નિબંધને જ ધ્યાનમાં રાખીને) થઈ કે થતી રહી છે, તે પહેલાં નર્મદથી માંડીને 'નિબંધ' સંજ્ઞા – શબ્દ હેઠળ પણ ક્યાંક ક્યાંક આ લલિત નિબંધ તરફનો ખ્યાલ પણ જાણે-અજાણે પ્રગટ થતો જાય છે. (પૂરેપૂરી લલિત નિબંધના સ્વરૂપની સ્પષ્ટ સમજ ત્યાં નથી) છતાં 'લલિત નિબંધ' સાથે જે 'વ્યક્તિત્વનું પ્રગટીકરણ' – 'હું'નો અવાજ અભિન્ન રીતે જોડાયેલ છે, તેની કેટલીક છટાઓ-રેખાઓ તો નર્મદથી પ્રગટે છે. (આ વ્યક્તિત્વ નર્મદના નિબંધોમાં કેવી સઘન છાપ ઊભી કરે છે, તેની ચર્ચા આગળના પ્રકરણ-૨માં કરી છે.) અહીં નર્મદથી આરંભાયેલ 'નિબંધ'માં, 'લલિત નિબંધ'માં અનિવાર્ય એવા લાક્ષણિક (જાતનું આલેખન) 'હું'નું પ્રગટ થવું –કેવા વિચારેથી આરંભાય છે તે જોવાનો પ્રયત્ન કરતાં અત્યાર સુધીના વિવેચકોનાં મંતવ્યોમાં લલિત નિબંધના સ્વરૂપ પ્રત્યે કેવી અપેક્ષાઓ, ધારણાઓ બંધાતી જાય છે તેની ચર્ચા આવરી લીધી છે, તો બીજી બાજુ નિબંધ જેવા સંકુલ સ્વરૂપમાં રહેલાં ભયસ્થાનો કે મર્યાદાઓ ચીંધી બતાવવા વિવેચકોનાં મંતવ્યોને પણ સમાવ્યાં છે, જેથી કરીને લલિત નિબંધ સ્વરૂપ વિશેનો ખ્યાલ સ્પષ્ટ કરી શકાય. અલબત્ત બદલાતા જતાં સમય, સંસ્કૃતિ પ્રમાણે આવા મતો – વિભાવોમાં પણ પરિવર્તન આવતું જ રહેવાનું છતાં આરંભથી (નર્મદથી) અત્યાર સુધી આ વિશિષ્ટ લાક્ષણિક સ્વરૂપ પ્રત્યેની આવી ચર્ચાઓ તેને સમજવા-પ્રેરક ભૂમિકા પૂરી પાડે છે.

નર્મદે નિબંધ વિશે આપેલો વિચાર જાણીતો છે – 'નિબંધ લખવા એ જેવી તેવી વાત નથી. પોતાના મનની કલ્પના કાગળ પર રાખી લખી જણાવવી, તથા કેટલીએક બાબતમાં વિદ્વાનોના ગ્રંથોમાં કેવી રીતે વાક્યયોજના કરી ગયા છે તે સર્વ જાણવું જોઈએ.'

નર્મદની આ વ્યાખ્યા નિબંધ સ્વરૂપ માટે ઘણાં વિવેચકોએ ઉપયોગમાં લઈ, પોત-પોતાની રીતે એને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રવીણ દરજી આ વ્યાખ્યા પરથી ત્રણ તારણો કાઢે છે.[1]

- નિબંધલેખન એક ગંભીર વ્યાપાર છે.
- નિબંધમાં કલ્પના અને વિદ્વત્તા બંને અનિવાર્ય છે.
- વાક્યયોજના શબ્દ દ્વારા તેણે નિબંધમાં શૈલીનું મહત્ત્વ સ્વીકાર્યું છે.

અહીં ઉમેરી શકાય કે નર્મદ નિબંધકાર પાસે ચોક્કસ પ્રકારની સજ્જતાની અપેક્ષા રાખે છે, વળી પોતાનો વિચારો (કલ્પના) રજૂ કરતાં પહેલાં બીજાં વિદ્વાનોના મતને ધ્યાનમાં રાખીને જ રજૂઆત કરવી, એટલે નિબંધકાર પહેલાં તો ભાવક કે વાચક હોવો જોઈએ – એવી સમજ તે સ્પષ્ટ કરે છે.

એટલું જ નહિ, તેના પોતાના નિબંધોમાં પણ તેની આગવી છટા, લાક્ષણિક વ્યક્તિત્વ ઊભરી આવતું સ્પષ્ટ જોઈ શકાય છે, નર્મદના નિબંધો વિશે, શૈલી વિશે ઘણી ચર્ચાઓ – વિવેચનો આપણે ત્યાં થઈ ચૂક્યા છે.

નર્મદની આ વ્યાખ્યામાં ભોળાભાઈ પટેલ અને રમેશ દવે[૨]ને દૂરનું દેખતી વિવેકદૃષ્ટિ નજરે ચડે છે, જે પશ્ચિમી નિબંધકારોની ભવ્યોદાત્ત નિબંધરચનાઓના વાચનથી કેળવાયેલી છે.

નર્મદના આવા નિબંધ સ્વરૂપ વિશેના ખ્યાલ સાથે દલપતરામના મતને પણ જોઈ લઈએ – તેમણે તો નિબંધ લખવાની રીત વિશે કાવ્ય પણ આપ્યું છે.

'દઈએ જો દૃષ્ટાંત તો, શોભે સઘળી વાત; જેમ ભલાં ભૂખ્ખણ થકી, શોભે જુવતી જાત.'[૩]

તેમણે અંગ્રેજ મિત્રો સાહેબોએ કરેલા ઠરાવ પરથી ઇનામી સ્પર્ધાના ભાગરૂપ નિબંધ લખવાની ઇચ્છા થઈ. તેમના જ શબ્દોને જોઈએ :

'ઉપર લખ્યા પ્રમાણે ઠરાવ સાંભળીને હું રહેવાસી એ નિબંધ કરવાની ઇચ્છા રાખું છું. તે મંડળીના ઠરાવ ઉપર સુરત રાખીને भूत भ्रम उत्पत्ति ।।૭।। भ्रम शोधन सत्य वार्ता ।।૨।। भ्रम छेदन वर्तम।... તેમાં મારા મનનો અભિપ્રાય એવો છે કે...'

ઉપરના બંને વિચારોમાં નિબંધમાં 'દૃષ્ટાંતનું મહત્ત્વ' અને 'પોતાના મનનો અભિપ્રાય પ્રગટાવવો' – એ બે મુદ્દાઓ નિબંધમાં આવવા જોઈએ – એવો તેમનો મત સ્પષ્ટ થાય છે. નિબંધનું નક્કર સ્વરૂપ ભલે અહીં ન મળે, પણ છતાં નિબંધ લખતા શું આવવું જોઈએ તેની અછડતી સમજ તો પ્રગટે જ છે.

વળી, તેમના ભૂતનિબંધોમાં પણ (અગાઉના પ્રકરણમાં જોઈ ગયા છે તેમ) પોતાની વાત કહેવાની સાદી સરળ, દૃષ્ટાંતપ્રચુર કથનરીતિની નોંધ તો લેવી જ રહી.

નર્મદ, દલપત પછી નવલરામ પંડ્યા આપણા મહત્ત્વના નિબંધકાર ગણાયા છે, પણ નિબંધ વિશેની તેમની વ્યાખ્યા કે મતમાં – કોઈ વિશેષ પ્રગટતો નથી.[૪] તેમની 'નિબન્ધરીતિ'માં અપાયેલી વ્યાખ્યાને વિશ્વનાથ મગનલાલ ભટ્ટ શિથિલ ગણાવે છે. આ મુદ્દો આપણે પાછળથી વિશ્વનાથ મગનલાલ ભટ્ટના મતની ચર્ચામાં જોઈશું. અલબત્ત એમના નિબંધોમાં નિબંધનું કલામય રૂપ, ભાષાપ્રભુત્વ, પ્રાસાદિક ગદ્ય વગેરે વિશેષો પ્રવીણ દરજીએ નોંધ્યા છે,[૫] તો વિ.ર.ત્રિવેદીએ નવલરામની શૈલીમાં સમત્વ, વિચારમાં સમન્વય, પદ્ધતિમાં વધારે તટસ્થતા અને સિદ્ધિમાં વધારે સ્થિરદ્યુતિત્વ જેવાં લક્ષણો નોંધ્યાં છે.[૬] આ ઉપરાંત નવલરામ પંડ્યાના ગદ્યમાં સૂક્ષ્મ મનન, વિગતપ્રચુર વર્ણન, સળંગ વૃત્તકથન, મર્મનર્મ યુક્ત વિનોદ અને પ્રબળ લાગણીને પહોંચી શકે એવું ગદ્યનું સામર્થ્ય પણ જોયું છે.

તો વિશ્વનાથ ભટ્ટ નવલરામના વિવેચનનિબન્ધોમાં સર્જનના જેવો આનંદ પણ મેળવે છે.[૭]

આ બધા નિબંધકારો-ચિંતકોના નિબંધ વિશેનાં મંતવ્યો જોયા પછી મણિલાલ દ્વિવેદીનો મત જોઈએ.

'નિબન્ધ લખવાને અર્થે અગાધ અને વિશાળ અનુભવની અપેક્ષા છે. કેવલ વાચનથી કે ઇતિહાસમાત્રના ઉપરઉપરના જ્ઞાનથી નિબન્ધ લખી શકાતો નથી. શાળાઓમાં કથિતપાઠ શીખવે છે અને કોઈ પણ વિષયનો નિબન્ધ લખાવે છે તે વાસ્તવિક 'નિબન્ધ' એ નામને પાત્ર નથી, એ

તો બાલકોને અવલોકન અને વિચાર કરી અનુભવ કેમ મેળવવો તેની પદ્ધતિ દર્શાવવાની એક સરણિ છે. અર્થાત્ વિષયનો અર્થ બાંધી તેનું સ્વરૂપ આપવું અને તેનું સમર્થન બેચાર દૃષ્ટાંતોથી ને બેચાર શ્લોકથી કરવું એટલામાં નિબન્ધનું નિબન્ધત્વ નથી. નિબન્ધ તે છે કે જેનું વચનેવચન અનુભવની ગ્રંથિ છે, જેની વાક્યરચના સૂત્રરૂપ છે અને જેનો ઉપદેશ હૃદયના મર્મને તુરત જ આઘાત કરી ક્ષણવાર તદાકારતા ઉપજાવે છે.'[૮]

ઉપરોક્ત મત ચેતનાથી રસાયેલી અનુભૂતિની તેમજ વાક્યરચનાની બદ્ધતા, અને જે પણ કાંઈ કહેવાય તે સામી વ્યક્તિને (ભાવકને) હૃદય સુધી સ્પર્શી જાય તેવી કથનરીતિની મહત્તા પ્રગટાવે છે. તેથી જ વિવેચકોએ[૯] કેટલીક બાબતમાં નર્મદ અને મણિલાલની પ્રકૃતિમાં ઘણુંખરું સામ્ય નિહાળ્યું છે. અલબત્ત, નર્મદ કરતાં વધારે સ્વસ્થ અને પ્રૌઢ ગદ્ય મણિલાલમાં દેખાય છે એની પણ નોંધ લીધી છે.

હવે, 'જ્ઞાનબાલ'નું ઉપનામ ધરાવતા નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા[૧૦] નિવેદનમાં (નિબંધની કોઈ ચોક્કસ વ્યાખ્યા કે વિભાવના નથી પણ નિબંધમાં પ્રગટ થતી તેમની આલેખનરીતિનો સંકેત તો મળે જ છે.)

'હેમાં સ્પર્શ કરેલા વિવિધ પ્રશ્નોનું તત્ત્વદર્શન રૂપે ઉદ્‌ઘાટન કરવાનો અભિલાષ રાખ્યો નથી માત્ર વિશ્વમાં ગુપ્ત વાગતા મહાવાદિત્રના છૂટક છૂટક તાર અલ્પ અંગુલિ સ્પર્શ વડે છેડીને દૂર ઊભા રહેવું એ જ ઉદ્દેશ હતો...'

અહીં ઈશ્વરપરાયણ શ્રદ્ધા સંદર્ભે જે વાત મૂકાઈ છે, તેમાં પણ પેલા સૌંદર્યપ્રેમી, પ્રકૃતિના ચાહક નિબંધકારનું વ્યક્તિત્વ દેખાય છે. એમના નિબંધોમાં પ્રવીણ દરજીએ 'વિવર્તલીલા' સંદર્ભે હળવી, માર્મિક શૈલી, બાલસહજ મુગ્ધતા, સૌંદર્યતરસ, કાવ્યમયગદ્ય, ભાવક સાથે વાત કરતું આવરણ વિનાનું મૃદુ – કરુણાર્દ્ર હૃદય, નર્મ-મર્માળુ હાસ્ય વગેરે નોંધ્યા છે એટલું જ નહિ પણ 'મનોમુકુર' સંદર્ભે – (વિવર્તલીલાની જેમ) – ગદ્યદેહે વિહરતા ઊર્મિકાવ્ય જેવા નિબંધો કહ્યા છે. આટલી લાક્ષણિકતાઓ પરથી પણ નરસિંહરાવનાં નિબંધોમાં જોવા મળતી નિબંધ સ્વરૂપની વિશેષતાઓનો પરિચય થાય છે, એમાંના કેટલાંક લક્ષણો લલિત નિબંધમાં પણ અનિવાર્ય બની રહે છે. નરસિંહરાવના માત્ર ઉપરોક્ત મતોને જ ધ્યાનમાં ન રાખીએ ને એમના પ્રકૃતિસંદર્ભે મૂકાયેલા બીજા વિચારોને પણ નોંધીએ તો પણ જોઈ શકાય કે આજે આપણી સુધી પહોંચેલા લલિતનિબંધકારના વ્યક્તિત્વનાં મહત્ત્વના અંશો અહીં જન્મી ચૂક્યા છે. (વિગતે બધી નોંધો મૂકી અગાઉ જે કહેવાઈ ચૂક્યું છે તેનું પુનરાવર્તન ન કરતાં માત્ર નિબંધકારના મતમાંથી નીકળતા નિબંધ સ્વરૂપના સર્જનાત્મક અંશો પૂરતું જ ધ્યાન કેન્દ્રિત રાખ્યું છે.[૧૧]

બ.ક.ઠાકોરની નિબંધ વિષયક વિચારણા 'અરૂપસાગરે રૂપરતન'માં યજ્ઞેશ દવે (પાર્શ્વ પબ્લિકેશન પ્ર.આ.૧૯૯૮)ઉદ્‌ધૃત કરી છે તે પણ જોઈએ.

'નિબંધ : સુગ્રથિત ગદ્યલિરિક; અને લિરિક છે કાવ્ય, આ છે ગદ્ય, એટલે વ્યવહારુ, ચર્ચાત્મક, બુધ્ધિપ્રધાન, પંચરંગી વિવિધતાવાળું વધારે. બધું અનાયાસે એક પછી એક આવી મળે છે એવી

છાપ પડે તે નિબંધની ખાસ કલા છે. એ અંશો એક પછી એક આવી જાય તે અજબ જેવું લાગે, એમાં નિબંધનો વિજય છે. વચ્ચેવચ્ચે સદાસ્મરણીય સૂત્રાત્મક વાક્યપુષ્પો ફોરી રહે એમાં નિબંધની અમર આકર્ષકતા છે. સમુચિત તેમ અપરિચિત અલંકારો અને અવતરણો નૂતનતા છાંટતા આવે

એ નિબંધની લીલા છે. સરલ વાક્યો, વાક્યો, દર્દમય વાક્યો, સંકુલ વાક્યો, ગંભીર વાક્યો, નાચતાં વાક્યો, હીંચતા વાક્યો, હથોડા ટીપાતાં હોય એવાં વાક્યો, હસમુખાં વાક્યો, વક્રવાક્યો, કટાક્ષ, આવેશ વગેરે નિબંધનો વૈભવ છે.

નિબંધ બાહ્યાભ્યંતર નિરૂપણને માટે સારી રીતે ખેડાયેલી ભાષાલતાને બેસતું છેલ્લું પુષ્પ છે. અને આ જોતાં કહી શકાય કે દરેક સારો નિબંધસર્જક તે જ, જે નિબંધો ગુંથતા ગુંથતા એ જાતિમાં કંઈક વિશિષ્ટતા, 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવી ખાસ વૈયક્તિક ભાત પણ ઉપજાવી શકે. 'કથ્થૂં કથે તે શાનો કવિ.' તે નિબંધકાર પણ નહીં જ વળી !

આવા લખાણ જેમ લાંબા તેમ તેમાં કલામયતા આછી થતી જાય એ કુદરતી લિરિક આડ, અને ખંડકાવ્યની લંબાઈ લગીનાં જ લખાણો આ જાતિનાં સાચાં પ્રતિનિધિ હોઈ શકે.'

– બલવન્તરાય ક. ઠાકોર

બ.ક.ઠા.ની નિબંધવિષયક વિચારણામાંથી આટલાં તારણો નીકળી શકે.

– નિબંધમાં પણ એક ચોક્કસ આકાર નિર્માય છે.

– નિબંધ એ ઊર્મિકાવ્ય જેવું સ્વરૂપ છે.

– નિબંધમાં સહજ ગતિ અનિવાર્ય છે.

– નિબંધનું આવું કલાત્મક સ્વરૂપ રહસ્યમય છે.

– નિબંધમાં આવતાં સંદર્ભો (સૂત્રાત્મક વાક્યો, અવતરણો વગેરે) તેની આકર્ષકતા વધારે છે.

– નિબંધમાં અલંકારો અને અવતરણોએ લીલા સ્વરૂપ છે.

– વાક્યરચનાની વિવિધતા નિબંધનો વૈભવ છે.

– નિબંધમાં સર્જકની વ્યક્તિગત છાપ ઉપસે છે, જે વિશિષ્ટ બની રહે છે.

– નિબંધમાં સંક્ષિપ્તતા આવશ્યક છે.

– નિબંધમાં કટાક્ષ, નર્મ-મર્મ અને રમૂજ પણ મહત્ત્વનાં છે.

આમ, અહીં પણ સર્જક નિબંધના અનિવાર્ય એવાં તમામ લક્ષણો જોવા મળે છે.

હવે, 'સ્વૈરવિહાર' ઉપનામથી નિબંધો લખનારા રામનારાયણ વિશ્વનાથ પાઠકનો અભિપ્રાય જોઈએ.

'આપણે સ્વૈરવિહાર તો હંમેશાં જ્યાં કોઈ ચાલતું ન હોય એવે રસ્તે કરીએ છીએ. ખરી રીતે જ્યારે મારી બુદ્ધિ અવળી થાય છે. આડમાર્ગે આડવાટે જાય છે ત્યારે સ્વૈરવિહાર ચાલે છે. ગંગા ઉત્તરથી દક્ષિણ વહે છે. પણ અવળી ગંગા ઉત્તરવાહિની થાય છે. ત્યાં વધારે પવિત્ર મનાય છે. તેમ મારી બુદ્ધિ અવળી વહે છે ત્યારે મને વધારે આનંદ આવે છે.'[૧૨]

અહીં પણ રા.વિ.પાઠકનો પેલો પોતાનો જ માર્ગ કરી લેતો નિબંધકારનો વિશિષ્ટ દૃષ્ટિકોણ જ સૂચવાય છે (પછી ભલે વ્યવહારના જગતમાં તેને આડમાર્ગ કે આડવાટ કહેવાતી હોય), જ્યાં ઊફરા ચાલીને, જગતને જોવાના પ્રયાસમાં રહેલા નિજાનંદને નિબંધકાર પ્રગટાવે છે. વળી, 'સ્વૈરવિહાર' ઉપનામમાં જ પેલા લલિત નિબંધમાં આલેખાતા નિજના મુક્ત ભ્રમણનો, લીલાનો સંકેત મળી રહે છે. એટલું જ નહિ સામાન્ય રીતે આપણે જેને સ્વૈરવિહાર કહીએ છીએ, એનાથી કંઈક જુદી જ રીતનો માર્ગ (પોતીકો માર્ગ) સર્જક પસંદ કરે છે. તેથી જ રા.વિ.પાઠક સામાન્ય જનસમાજના 'સ્વૈરવિહારના અર્થને' અને પોતે જેને માને છે એવા 'સ્વૈરવિહાર'ના વિશિષ્ટ અર્થને ગંગાના પ્રવાહનું ઉદાહરણ આપી સ્પષ્ટ કરી આપે છે.

હવે, આપણે જેને 'લલિત નિબંધ' તરીકે ઓળખીએ છીએ, એનું શુદ્ધ સ્વરૂપ તો ગાંધીયુગમાં કાકાસાહેબ કાલેલકરથી આરંભાય છે. તેથી કાકાસાહેબ કાલેલકરથી આરંભાતા આ લલિત નિબંધ તરફની દૃષ્ટિ (ખુદ તેમની) વિચાર કેવાં રહ્યાં છે, તેની વિગતે ચર્ચા કરીએ. બીજું લલિતનિબંધ સ્વરૂપે પણ વિવેચકોનાં મંતવ્યો સતત બદલાતાં – વિકસતાં રહ્યા છે એટલે એમની વ્યાખ્યાઓ, મતમાં પણ અધૂરપ કે અપૂર્ણતાઓ તો રહેવાની જ, છતાં અહીંથી આપણે 'લલિત નિબંધ'ના વિકસતા સ્વરૂપને પામવાનો પ્રયત્ન કરી શકાય.

કાકાસાહેબ કાલેલકર પોતે નિબંધ વિશે (સૂત્રાત્મક રીતે) કહે છે, 'લિટરેચર વગરનું લિટરેચર તે નિબંધ.'

'નિબંધનું મુખ્ય લક્ષણ એ કે તેમાં વાચકની જોડે પરિચિતપણાનો સંબંધ હોય, એક જાતની વ્યક્તિગત વિનંતી હોય અને સીધી ભાષામાં મનની વાત કહી દીધેલી હોય. નિબંધમાં પદ્ધતિસર વિવરણ કરવાનો પ્રયત્ન હોતો નથી. એનું કારણ લેખકની પાસે પદ્ધતિ નથી એમ નહીં, પણ તેની એને જરૂર નથી. દરકાર નથી. લેખક પ્રવચન આપવા નથી નીકળ્યો હોતો. એના મનમાં કંઈક તરવરી રહેલું હોય છે. તેને તે સાહિત્યની શૈલીમાં નથી કહેવા માગતો, પણ જીવનની શૈલીમાં કહેવા માગે છે... માત્ર તેની પાસે એ વસ્તુને નીરખવાની એક વિશિષ્ટ દૃષ્ટિ રહેલી છે, જે એની પોતાની જ છે. અને એ દૃષ્ટિ જો તમને આપે તો જ તમારી થઈ શકે એમ છે... તે પોતાને કહેવાનું, ટૂંકાણમાં ને રસમય રીતે કહી દેશે. તે કદાચ વિદ્વાન ન હોય, પણ પૂરેપૂરો સજ્જન તો છે જ...'[૧૩]

અહીં પેલા લલિત નિબંધ સ્વરૂપની, નિબંધકાર વિશેની જે સમજ બંધાય છે એમાં સૌ પ્રથમ તો

૧ – વાચક સાથેની આત્મીયતા

૨ – કહેવાની સરળ અને સીધી રીત

૩ – પદ્ધતિસરની માંડણીનો ત્યાગ

૪ – જીવનની ભાષા

૫ – નિબંધકારની વિશિષ્ટ – પોતીકી દૃષ્ટિ અને તેને અનુરૂપ ભાષા

૬ – નિબંધકારમાં નિખાલસતા હોવી જ જોઈએ

૭ – સામે ભાવકને રાખીને જ વાત કરી રહ્યો છે તેવી નિબંધકારની ખાતરી

અહીં પાંચમા ક્રમે મૂકાયેલી વાત માત્ર નિબંધને જ નહિ, સાહિત્યમાત્રને લાગુ પડશે. દર્શન અનુસાર લેખક પોતાની શૈલી ઉપજાવી લે છે, વળી, ઉપરોક્ત જણાવેલી બધી જ બાબતો કાકાસાહેબના નિબંધોમાં જોવા મળે છે. અહીં જીવનની શૈલી/ભાષા એટલે શું તે ઝાઝું સ્પષ્ટ થતું નથી. કદાચ તેઓ રચનારીતિ કરતાં સામગ્રી કે જીવનસંદર્ભ ઉપર ભાર આપવા માગતા હશે.

કાકાસાહેબ કાલેલકરથી આરંભાતા આવા નિખાલસ, સરળ, વિશિષ્ટ દૃષ્ટિપ્રધાન, ભાવકઅભિમુખ નિબંધની સમજ ત્યાર પછીના વિદ્વાનોમાં કેવી રીતે બંધાય છે તે જોઈએ.

વિશ્વનાથ ભટ્ટ 'આજનું સૂત્ર તો એ છે કે જ્ઞાન ખરું પણ, ગંભીરતા બને તેટલી ઓછી. પુરોગામી યુગના નિબન્ધલેખકો જાણે અંગરખું, ખેસ ને પાઘડી એમ પૂર્ણ પોષાક ધારણ કરીને સભાગૃહમાં ઠાવકા ને ગંભીર બનીને પોતાના વિચારો સભ્ય શિષ્ટ રીતે દર્શાવતા હોય એવા એ વખતના નિબન્ધો લાગે છે, ત્યારે પ્રવર્તમાન યુગના ઘણાખરા નિબન્ધોમાં લેખકો જાણે અંગરખું, ખેસ ને પાઘડી ઉતારી નાખી ઘરના આંગણાંમાં બેસી નિરાંતે લહેરથી વાતો કરતા હોય એવા લાગે છે...'[૧૪]

અહીં એમણે ગાંધીયુગથી આરંભાતા નિબંધના હળવાશભર્યા વ્યક્તિત્વના આલેખન તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. વળી, 'નિરાંતે લહેરથી વાતો કરતાં' નિબંધકારનાં લક્ષણને ધ્યાનમાં રાખી પેલા ગોષ્ઠી – વાતચીતના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એટલું જ નહિ, આવી રીતે નિબંધકારની વિષય એક હોવા છતાં 'રજૂ કરવાની પદ્ધતિ'ની વિશેષતા પણ નોંધી છે. તો વળી પોતાના સંપાદનમાં (નિબંધના બે ભાગ દર્શાવી-૧ ગંભીર નિબંધ) આવી હળવાશભરી રચનાઓ માટે – વિષયની મર્યાદામાં બંધાયા વગર વિનોદી રસળતી ઠેકંઠેકા કરતી શૈલીમાં લખાયેલી) 'નિબન્ધિકા' – એવો શબ્દપ્રયોગ પણ કર્યો છે. (પૃ.૪) એટલું જ નહિ. જો આવા પ્રકારોને ધ્યાનમાં ન રાખીએ તો ગોટાળા થવાનો સંભવ તરફ પણ અંગુલિનિર્દેશ કરે છે.(પૃ.૧૫)

અહીં આજના લલિત નિબંધ સ્વરૂપની શક્યતાઓ-લક્ષણો નોંધાયાં છે. જેમ કે રસળતી શૈલી, હળવાશ, વિનોદપ્રધાન રચનાઓ, સહજતા; પણ, લલિતનિબંધ કલાત્મક સ્વરૂપ પ્રકાર તરીકે સ્વીકારાયો નથી. તેથી જ આવી હળવાશપ્રધાન રચના એટલે તેમના મતે 'વિનોદ પૂરી પાડતી રચનાઓ.' (પૃ.૧૬) તેમણે નિબંધ સ્વરૂપની 'ગંભીરતા'ને જ ધ્યાનમાં રાખીને નવલરામની વ્યાખ્યાની ફેરતપાસ પણ કરી છે અને પોતાનો મત બાંધતા – 'વિષયાન્તર' તેમ જ 'વિષયના વિસ્તારનો'નો વિરોધ પણ કર્યો છે, છતાં એ વિરોધમાંથી જ પેલી હળવાશભરી રચનાઓમાં વિષયાન્તર કે વિસ્તાર થાય તો ચાલે – એવો સ્વીકાર પણ નજરે તો ચઢે જ છે.

વિશ્વનાથ ભટ્ટ કાલેલકરનાં નિબંધોને તપાસતાં તેમનામાં રહેલી 'લાલિત્યભરી પ્રસન્નમધુર શૈલી'ને નોંધે છે. અહીં પણ લલિત નિબંધમાં રહેલી 'શબ્દલીલા' તરફનો સંકેત મળે છે.[૧૫]

'વિનોદકાન્ત' ઉપનામધારી વિજયરાય.ક.વૈદ્યની વ્યાખ્યાને જોઈએ. 'લખનારના વિશિષ્ટ વ્યક્તિત્વની છાપ અને સગૌરવ છતાં સાહિત્યાડંબર વિનાની શૈલી ઉપરાંત નિબંધિકામાં સામાન્ય નિત્યજીવનમાંથી વિષય પસંદગી, ટૂંકાપણું, અર્બેનિટી એટલે સહજ સૌજન્ય, મૃદુ કટાક્ષ ને મર્માળા વિનોદ, રસલક્ષી અસંબદ્ધત્વ કે અપ્રસ્તુતતા, તરંગવૃત્તિની લીલાઓ, આત્મસાત્ કરેલા વાચનને

પ્રતાપે કલમમાંથી વહી આવતાં સાહિત્યિક કે ઐતિહાસિક અનુલક્ષણો, દૃષ્ટાંતો, ટુચકા, સંસ્મરણાત્મકતા, વિષય માત્રની રૂઢ માન્યતાઓ, નૌ રસમો યાને ફેશનોનો અસ્વીકાર ને તેમના તરફ ક્ષમા દૃષ્ટિ, યા તો પરમતત્ત્વવાળા જોડે લડવાની નહિ, તેને ઉડાડવાની કે સસ્મિત સહી લેવાની વૃત્તિ – આવું આવું પણ કેટલુંક હોવું જોઈએ.'[૧૬]

ઉપરોક્ત મતમાંથી નીકળતાં તારણોને ધ્યાનમાં લઈએ તો –

– નિબંધકારનું વિશિષ્ટ વ્યક્તિત્વ

– સહજ - સાદી શૈલી

– વિષય – રોજબરોજના જીવન-દર્શનમાંથી

– સંક્ષિપ્તતા

– હળવો વ્યંગ, રમૂજ

– કાલ્પનિક શબ્દલીલા

– વાચનના સંદર્ભ સાથે આવતા દાખલા-દલીલો

– પોતાની નિયતિનો સસ્મિત સ્વીકાર કરવાની વૃત્તિ

વિજયરાય વૈદ્યના અભિપ્રાય મુજબ ઉપર પ્રમાણેનાં લક્ષણો ધરાવે તેને 'નિબંધિકા' કહેવાય. અહીં પણ સ્પષ્ટ થાય છે કે લલિત નિબંધમાં રહેલી વ્યક્તિત્વ પ્રગટીકરણની વિશિષ્ટતા, સહજતા – સરળતા, અનિવાર્ય એવી સંક્ષિપ્તતા, વિનોદ, રમૂજ, સ્મૃતિ સંદર્ભ વગેરે તેમને અભિપ્રેત છે.

હવે ગાંધીયુગના સમર્થ કવિ સુંદરમ્‌નો નિબંધ વિશેનો ખ્યાલ નોંધીએ.

'એક સંક્ષિપ્ત સ્વરૂપવાળી એકાગ્ર અને સુશ્લિષ્ટ રીતે ગદ્યમાં લખાયેલી રચના તે નિબંધ...'

તો 'સર્જક નિબંધનો' જ સ્વીકાર કરે છે. બાકીના લખાણોનો 'લેખ' તરીકે જ સ્વીકારવા પર ભાર મૂકે છે. આગળ તેમણે નોંધ્યું છે કે – 'નિબંધ એ રીતે, નિબંધ કહેવાવા છતાં વધારેમાં વધારે અનિબદ્ધ છે.'[૧૭]

અહીં સુંદરમે્ આપેલી સમજમાંથી લલિત નિબંધમાં અનિવાર્ય એવી સંક્ષિપ્તતા, સર્જકતા અને નિર્બંધતા તરફનો સ્પષ્ટ ખ્યાલ પ્રવર્તે છે. એટલું જ નહિ, પણ* આવા સર્જનાત્મક નિબંધ સિવાયના બીજાં બધાં લખાણોને 'લેખ'માં મૂકી જોવાનો તેમનો વિચાર પેલા બે સ્વરૂપો વચ્ચે રહેલી અસ્પષ્ટતાઓ અને ગૂંચ દૂર કરવાનો પણ રહ્યો છે.

સુંદરમ્ પછી ઉમાશંકર જોશી પણ આવા વ્યક્તિત્વપ્રધાન રસળતા – નિબંધ સ્વરૂપ વિશે પોતાના વિચારો રજૂ કરે છે.

અહીં તેમણે 'નિબંધ' સંજ્ઞા – શબ્દ હેઠળ બીજા પ્રકારો સાથે તેની થતી ભેળસેળનો વિરોધ કરી, ('નિબંધિકા' શબ્દનો પણ વિરોધ)– '... એના કરતાં તો 'લઘુનિબંધ' કે 'લલિત નિબંધ' શબ્દ હજાર દરજ્જે સારો કહીને 'નિબંધ' શબ્દથી જ ચલાવી લેવાની વાત કરી છે તે પણ વિચારવા જેવી તો છે જ, પશ્ચિમમાં પણ 'એસે' જ શબ્દ વધુ પ્રચલિત થયો છે.

આ પછી તેમણે 'આનંદલક્ષી લઘુ લેખ' અને શુદ્ધ જ્ઞાનલાભના આશયથી લખાતા બૃહત્‌લેખ

જેવા ભેદ પાડી બીજા પ્રકારને 'થીમ' કે 'આર્ટિકલ' કે 'પ્રબંધ' કહેવાનું સૂચન પણ આવકાર્યું છે, તો બીજી બાજુ એ સૂચન અમલી બન્યું નથી તેનો ખેદ પણ પ્રકટ કર્યો છે.

અલબત્ત જ્ઞાનલક્ષી અને રસલક્ષી એવા બે ભેદ આપણને પશ્ચિમના ચિંતનમાં જોવા મળતા બીજા બે ભેદની યાદ અપાવે છે. 'લિટરેચર ઓફ નોલેજ' અને 'લિટરેચર ઓફ પાવર.' (થોમસ દ ક્વિન્સી)

તેમણે આવા બે ભિન્ન પ્રકારોની પ્રવૃત્તિની સરખામણી કરી એકને વિશ્તપ્રવૃત્તિ, શિક્ષકપ્રવૃત્તિ કહી છે, તો બીજા પ્રકાર માટે 'સર્જકપ્રવૃત્તિ' શબ્દપ્રયોગ કર્યો છે. બંનેના હેતુઓ પણ સ્પષ્ટ કર્યો છે. અને છેવટે 'લલિત નિબંધ', 'સર્જક નિબંધ', 'રસલક્ષી નિબંધ' – એવા પર્યાયો આપી લલિત નિબંધ સ્વરૂપને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.[૧૮]

આ ઉપરાંત સર્જક નિબંધનું લક્ષણ દર્શાવતા 'વ્યક્તિત્વની વૈયક્તિક જીવનની મુદ્રાથી અંકિત' થયેલ હોવો જોઈએ તેવો આગ્રહ રાખી વિષય નહીં, પણ જાતના આલેખન પર ભાર મૂક્યો છે.

વળી, 'નિબંધ એ વિશ્રંભકથા છે' – એમ કહી લલિત નિબંધમાં રહેલા વાતચીતના – ગોષ્ઠીપ્રકારની આત્મીયતા સભર વાતચીતના સૂર પર ભાર મૂક્યો છે. અહીં, જ્યારે 'વિશ્રંભકથા' જેવો શબ્દપ્રયોગ થાય ત્યારે સ્વગત – જનાન્તિક – ઉચ્ચારણની નજીક જઈ પહોંચતા હોય એમ લાગે. ઉપરાંત અહીં આત્મીયતાનું તત્ત્વ પણ ઉમેરાતું લાગશે.

તેમણે લલિત નિબંધની ગતિવિધિ સમજાવતાં 'લલિતેતર નિબંધ એટલે ચાલવું, લલિત નિબંધ એટલે નૃત્ય.' – કહ્યું છે. જો કે આ પ્રકારનો ભેદ પૉલ વાલેરીના ભેદ ઉપર આધારિત હોઈ શકે. તેમણે પણ રોજિંદી ભાષા અને સાહિત્યિક ભાષા વચ્ચે આવો ભેદ પાડ્યો હતો.

અલબત્ત ઉમાશંકર જોશીની ઉપરોક્ત વ્યાખ્યાની ફેરતપાસ પાછળથી ભોળાભાઈ પટેલ/રમેશ દવેએ કરી છે.[૧૯] આમ, સર્જક નિબંધ એટલે તેમના મતે વિશ્રંભકથા, જાતનું આલેખન અને લેખકની આંતરયાત્રા.

અહીં લલિત નિબંધના સ્વરૂપ વિશે આવી વિશદ તથા ઊંડી સમજ આપતા હોવા છતાં સામે જે સ્વરૂપે નિબંધો દેખાય છે તેની પ્રત્યે તેમનો આક્રોશ આ રીતે ઠલવાયો છે.

'પત્રકારત્વને લીધે આજે નિબંધનું પોત પાતળું પડી ગયું છે. એ પાંખો અને ખાલીખમ જેવો બની બેઠો છે. ઘણીવાર એ એક ચમકીલી તુચ્છ વસ્તુથી વધુ નથી હોતો. વારંવાર એને રાજકીય સામાજિક પ્રશ્નો અંગે સાકરિયા ઔષધગોળીનો ભાગ ભજવવો પડે છે. નિબંધ નિર્માયો તો હતો કવિતાના સમકક્ષ સાહિત્યપ્રકાર તરીકે વિલસવા, આજે કલ્પનાગૌરવ અને ભાષાસૌષ્ઠવથી દૂર ખસીને સમય-સમયના રંગોની આછી ઝલક ઝીલતી તર્કલહરીઓ રૂપે, નિશ્ચિત સમયમાં પ્રજારંજન અર્થે ઉડાવવા પડતા રંગીન તરંગ પરપોટા રૂપે નિબંધ ઘણું ખરું દેખાય છે તે માટે પત્રકારત્વ જવાબદાર છે.'[૨૦]

આટલું કહ્યા પછી 'પત્રકારત્વ નિબંધને દફનાવી દેશે' તેવી દહેશત વ્યક્ત કરી છે તો બીજી બાજુ વિપુલ જથ્થામાં પ્રગટતાં સત્ત્વહીન નિબંધોને 'ઉકરડો' કહી પોતાની નિબંધ સ્વરૂપ પ્રત્યેની, કલાત્મકતા તરફની નિસબત પ્રગટાવી છે.

આવી જ ફરિયાદ અત્યાર સુધીના વિવેચકોમાં પણ થતી રહી છે, અલબત્ત થોડી ભિન્ન સૂરે

PITh
11451

થતી વિવેચકોની આ ફરિયાદો પણ લલિત નિબંધ સ્વરૂપે ઊભાં થતાં પ્રશ્નો, મર્યાદાઓ, તેમ જ ભયસ્થાનો તરફ અંગુલિનિર્દેશ કરે છે.

આવી ફરિયાદમાં રહેલા તથ્ય સાથે પણ તેઓ સ્વીકારે છે કે 'સર્જનાત્મક નિબંધની મર્યાદાઓ તે બધી સર્જનાત્મક વિવેચનની પણ ખરી.' તેમના મતે સર્જનાત્મક નિબંધ એટલે 'વ્યક્તિના વ્યક્તિત્વનો આવિષ્કાર.'

આ પછી વિ.ર.ત્રિવેદી 'લલિત વાઙ્મય'નું સ્વરૂપ સમજાવતાં નોંધે છે કે – 'લલિત વાઙ્મયની કૃતિમાં લેખક કલ્પના દ્વારા અખંડ બનેલા અનુભવને શબ્દોમાં નિરૂપે છે. ધ્યાનની એકાગ્રતાથી કલ્પનાના પાત્રમાં લેખકે જે અનુભવ ઝીલ્યો હોય તે શબ્દોમાં એવી રીતે આલેખે છે કે વાચકભાવક કલ્પના વડે અનુભવી શકે... આ સ્થિતિમાં લલિત સાહિત્ય સાવ અનન્ય પરતંત્ર નથી, સાહિત્યકૃતિ વાચક ચિત્તશક્તિની અમુક પ્રમાણમાં અનુકૂળતાની અપેક્ષા રાખે છે.'[૨૧]

અહીં 'લલિત વાઙ્મય'ને આપણે પેલા નિબંધ સ્વરૂપ સંદર્ભે સાંકળીએ તો તેમાં રહેલી કાલ્પનિકતા અને અનુભૂતિની અસરકારકતા ઉપરાંત વાચક કે ભાવકની યોગ્યતા પર તેઓ ભાર મૂકે છે.

અર્થાત્ નિબંધકારનું કર્મ જેટલું અગત્યનું છે, તેટલું જ વાચક કે ભાવકનું ભાવન પણ સજ્જતા માંગી લે છે. આ જ વાત આપણા વિવેચકો પણ સ્વીકારી છે. (નર્મદથી શરૂ થયેલ નિબંધનું કઠિન સ્વરૂપ, આસ્વાદવું પણ કસોટીરૂપ બને છે. તેનો સંકેત અહીં મળે.)

આ ઉપરાંત વિ.ર.ત્રિવેદીના મતે લલિત સાહિત્યનો હેતુ 'રમણીયતાનું સર્જન કરવાનો' છે. આમ, ઉમાશંકર જોશીના 'વ્યક્તિત્વનો આવિષ્કાર' હવે 'રમણીયતા' સુધી વિસ્તરે છે.

ઉપરોક્ત વિવેચકોના લલિત નિબંધના સ્વરૂપ વિશેના મતો, વ્યાખ્યાઓ વગેરેનું સંપૂર્ણ રૂપ આપણને આધુનિક સમયમાં સુરેશ જોષીના 'જનાન્તિકે' નિબંધસંગ્રહમાં મળે છે. આ સ્વરૂપમાં મહત્ત્વનું પ્રદાન કરનાર સુરેશ જોષીનો 'જનાન્તિકે'નો જે અર્થ આપે છે તેમાં જ પેલા સ્વરૂપની સમજ વિલક્ષણઢબે આકારાય છે.

'આપણા નાનકડા હૈયામાંથી જે છલકાઈ જાય તેને આપણે બીજા કોઈક અનુકૂળ હૈયામાં સંઘરી રાખવા ઇચ્છીએ. આ બે હૈયાં સિવાય ત્રીજું કોઈ એ વાત જાણે નહીં, માટે આ વાત છેક કર્ણમૂળ પાસે જઈને કહીએ, ને ત્યારે કર્ણમૂળ જે રતાશ પકડે તેનો રંગ પણ પેલી વાતમાં ભળે.

આ વાતની ખૂબી એ છે કે કોઈક ત્રીજાની ઉપસ્થિતિમાં એ કહેવાતી હોય છે. એ ત્રીજામાં આથી ઉદ્‌ભવતાં કુતૂહલ, ઈર્ષ્યા, રોષ – એનો પણ રસ એ વાતમાં ઉમેરાય છે. ઘણી વાર વાત તો નિમિત્તરૂપ હોય. એથી બીજાના કર્ણમૂળ સુધી પહોંચવાના આત્મીયતાના અધિકારને પ્રકટ કરવાનું જે સુખ થાય તે જ સાચી પ્રાપ્તિ.

આ જનસંકુલ જગતમાં જનવિરલ, પણ નિબિડ આત્મીયતાથી સભર, દ્વીપોની ખોટ નથી. એવી વાત કહેતી વખતે મન કાંઈ જુદો જ લહેકો વાપરતું હોય છે. બીજી કોઈ પરિસ્થિતિમાં એ નાટકી ગણાય, એમાં કોઈને વાયડાઈ પણ દેખાય. પણ અહીં તો એ સ્વાદની સામગ્રી બની રહે. કેટલાંક સત્યો આવાં જનાન્તિક ઉચ્ચારણને અન્તે જ પૂરું રૂપ પામતાં હોય છે. તર્ક અને તત્ત્વના બે પાટા પરની

એની દોડ વ્યવસ્થિત અને ઝડપી બને ખરી, પણ અવ્યવસ્થિતતાના જ માધ્યમમાં જે પ્રકટે તે તો પ્રકટ્યા વગરનું જ રહી જાય !

ગદ્યનું આ જનાન્તિક સ્વરૂપ એને નર્યા તર્કસંગત તથ્યની બરડતામાંથી ઉગારવામાં કામ આવે છે. એમાં અંગત અભિગ્રહ પ્રતિગ્રહના કાકુઓ ઢાંકવામાં આવ્યા હોતા નથી. આ નિખાલસતાનો પણ એક અનેરો સ્વાદ હોય છે, ને સ્વસ્થ પ્રૌઢોનો ખોફ વહોરીનેય એ ચાખવો ગમે છે.'[૨૨]

અહીં હૈયાની અંગત વાતોનું બીજા હૈયામાં સંઘરવું – એ જ પેલી આત્મીયતા સભર સૃષ્ટિ તરફનો, પોતાના આત્મીયતાના અધિકારને સ્થાપિત કરતી નિબંધકારની વૃત્તિનો સંકેત મળે છે.

આ ઉપરાંત તેમણે સર્જકનિબંધની પ્રક્રિયા વિશે જે સમજ બાંધી આપી છે તે પણ જોઈએ.

'સર્જન-પ્રક્રિયા એ પરમ ગુહ્ય વસ્તુ છે. તમે એના વિશે કહેવા જાઓ તો રોમાન્ટિક બની જાઓ, આત્મરતિમાં સરી પડો. તમારી વિશે તેમને સહેજ બહેલાવીને વાત કરવાનું પ્રલોભન થાય... સાથે એટલું પણ કહું કે કશું સ્વૈર તો હોતું જ નથી. આપણે એને લીલા કહીએ છીએ, પણ એ લીલા છે અમુક ઋતને વશ થઈને ચાલે છે... (આ આખી પ્રક્રિયા) મનમાં ઘડાય એનો અર્થ એ થયો કે હું શબ્દોને સૂંઘું છું, હાથમાં લઈને એનું વજન જોઉં છું. એના contours – ને સ્પર્શું છું. પણ આ બધું મનમાં ચાલે છે... જ્યાં તમે જોશો કે ભયની વાત આવી, વિસ્મયની વાત આવી, શબ્દની વાત આવી, પ્રકૃતિના અમુક સ્વરૂપની વાત આવી ત્યાં તો એક પ્રચ્છન્ન રીતે આ બધાંને સાંધતો એક તંતુ છે. એ ભલે અત્યંત પ્રગટ ન હોય, પણ જે સર્જકના મનમાં તો છે જ એ એક મૂળ તાન – એટલે 'સા' દબાવી રાખેલો – પછી એને આધારે તમે બધા સૂરો ગોઠવો છો. એવું તો કશું બનતું જ હોય છે.'[૨૩]

ઉપરોક્ત સર્જનપ્રક્રિયા વિશેના મતમાં 'લલિત નિબંધ' એટલે જ પેલા ભીતરી જગતની મથામણનું પ્રગટ થવું, અલબત્ત જેવા છે એવા સ્વરૂપે. તો સાથે જોડાય છે પેલા સૂક્ષ્મ શબ્દની ઋતને વશ થઈને ચાલતી શબ્દલીલા. તેથી જ કદાચ શિરીષ પંચાલ સુરેશ જોષીના નિબંધ સંદર્ભે 'ભાવયામિ'માં 'નિબંધ એટલે આત્મનેપદી રચના' એમ કહે છે, તો વળી માલા કાપડિયા સુરેશ જોષીના 'જનાન્તિકે' નિબંધસંગ્રહમાંના પ્રથમ બે નિબંધ સંદર્ભે 'ચૈતસિક ભૂગોળરૂપ' શબ્દ પ્રયોજે છે.

આવા મોટા ગજાના સર્જક-નિબંધકારે પણ લલિતનિબંધમાં પ્રવેશતી મર્યાદાઓ સામે ભયસ્થાન દર્શાવ્યું છે.

'છેલ્લા દાયકામાં થોડા નવા સર્જકોએ તરફ વળ્યા છે. એનાં ભયસ્થાનો પણ પ્રગટ થતાં આવે છે. કવિતાની ચાર તારની ચાસણીમાં ઝબકોળેલું ગદ્ય કે વિદગ્ધતાનો દેખાડો કરતું ગદ્ય કે પ્રવાસની નોંધોમાં કવિતાઈ કરવા મથતું ગદ્ય કે વર્તમાન સંદર્ભની વિગતો પરત્વેના પૂર્વગ્રહોને સજાવીને મૂકવા ઈચ્છતું ચતુરાઈભર્યું ગદ્ય આવા ભયસ્થાનો તરફ અંગુલિનિર્દેશ કરે જ છે.'[૨૪]

અહીં લલિત નિબંધમાં થતા કૃત્રિમ આયાસો (ભાષાસંદર્ભે) તરફ વિરોધનો સૂર પ્રગટે છે. જેમાં ઉમાશંકર જોશીના 'સાકરિયા ઔષધગોળીવાળું ગદ્ય, હવે 'ચાર તારની ચાસણીમાં ઝબકોળાયેલું' નજરે ચડે છે. આ ઉપરાંત અહીં દેખાડો કરતી વિદગ્ધતા, કવિતા કરવાનો મિથ્યા પ્રયાસ, શણગાર

કે ચાલાકીરૂપે આવતું ગદ્ય – વગેરે તરફનો સંકેત મળે છે. ઉમાશંકર જોશીએ પણ 'તરકલહરીઓ' અને 'મનોરંજન કરવા ઉડાવાતા રંગીન તરંગ પરપોટા' જેવા શબ્દપ્રયોગ કરી લલિત નિબંધમાં પ્રવેશતા કલ્પનાના ચમકારાનો વિરોધ કર્યો છે.

જોકે વાસ્તવમાં તો સુરેશ જોષીએ અથવા બીજાઓએ જે ભયસ્થાનો ચીંધી બતાવ્યા છે તેની ચર્ચા દૃષ્ટાંતોને આધારે થવી જોઈએ. રવીન્દ્રનાથ ઠાકુર, કાકાસાહેબ કાલેલકર, સુરેશ જોષીમાં કાવ્યત્વ ઉપકારક નીવડે અને બીજા નિબંધકારમાં તે અપકારક પણ નીવડે, એ જ્યાં સુધી સદૃષ્ટાંત ન સમજીએ કે સમજાવીએ ત્યાં સુધી એ ચર્ચા અધૂરી રહી જાય છે.

સુરેશ જોષી પછી મહત્ત્વના ગણાયેલા નિબંધકાર દિગીશ મહેતા આ લલિત નિબંધ સ્વરૂપે કેવો ખ્યાલ રજૂ કરે છે તે જોઈએ.

દિગીશ મહેતાએ (રમણ સોનીના શબ્દોમાં કહીએ તો) નાટકીય રીતે કહ્યું છે કે 'નિબંધનું સ્વરૂપ શું છે, એમ મને કોઈ ચાકુ બતાવીને અંધારી રાતે પૂછે તો કહું કે મને સમજ પડે છે ત્યાં સુધી એ એક શૈલી છે.'[૨૫]

અહીં લલિત નિબંધમાં આલેખાતી વિશિષ્ટ પદ્ધતિ તરફ સંકેત કરે છે. અલબત્ત લલિત નિબંધમાં માત્ર શૈલીનું જ પ્રાધાન્ય કે મહત્ત્વ હોતું નથી. એ નોંધવું જોઈએ.

અલબત્ત 'નિબંધ અને હું' વિશે વાત કરતાં તેઓ 'ઇમોટિવ પ્રોઝ' (ભાવવાહી ગદ્ય) પર ભાર મૂકે છે. એટલું જ નહિ પોતાની 'અંગત' વાત પર ભાર મૂકીને, સામે વાંચનાર વ્યક્તિ અર્થાત્ ભાવક કે વાચકની હાજરીની અનિવાર્યતાનો પણ નિર્દેશ કરે છે.

આમ, દિગીશ મહેતાના અભિપ્રાય ઉપરથી લલિત નિબંધમાં રજૂ થતી 'અંગતતાની છાપ', 'વાચકની કે ભાવકની હાજરીની અનિવાર્યતા' અને 'ભાવપરક ભાષા' – વગેરે પ્રત્યેનો જોક સુરેશ જોષીની જનાન્તિકેની પ્રસ્તાવનાની યાદ અપાવી જાય છે.

ગુજરાતી નિબંધ સ્વરૂપ વિશે સૌથી વધુ વ્યાપક ફળદાયી અને વિસ્તૃત ચર્ચા પ્રવીણ દરજીએ કરી છે.[૨૬]

તેમણે પણ નિબંધના પ્રવાહી સ્વરૂપની વ્યાખ્યા આપવાનું કામ મુશ્કેલ છે, એમ સ્વીકાર્યું છે. 'એની વ્યાખ્યા આપવી દુષ્કર છે. નિબંધનું સ્વરૂપ એવું તો પ્રવાહી છે, વસ્તુ, હેતુ, તેમજ શૈલીને કારણે તે એટલાં તો વિભિન્નરૂપો ધારણ કરે છે કે તેને વ્યવસ્થિત રીતે સમજાવવાનું કાર્ય મુશ્કેલ છે...'સાથે સાથે નિબંધકારનું કાર્ય કેટલું કઠિન છે તે પણ દર્શાવ્યું છે. જેમાં વાર્તા, કવિતા જેવા સર્જનાત્મક સ્વરૂપ કરતાં પણ લલિત નિબંધકારનું 'સર્જકનિબંધકર્મ' કેટલું સૂક્ષ્મ અને કપરું છે તે દર્શાવીને 'વ્યક્તિત્વ આંતર ચેતના' પર ભાર મૂકતાં ઉમાશંકર જોશીને અનુસરીને 'સર્જક નિબંધ એટલે લેખકની આંતરયાત્રા' એવી વ્યાખ્યા આપી છે.

તો વળી વ્યક્તિત્વપ્રધાનતા ને મહત્ત્વ આપી સૂત્રાત્મક વાક્ય આપ્યું છે. 'હકીકતમાં તો લલિત નિબંધના સર્જકના પ્રચંડ 'હું'નું આવિષ્કરણ છે.'[૨૭] અહીં તેમણે પણ વર્તમાન સમયમાં (દાયકા – દોઢ દાયકાના ગાળામાં) આ લલિત નિબંધમાં પત્રકારત્વના ધક્કાઓ, લેખકોનો અહમ્, તેમની

ગેરસમજ અને તેના કારણે જન્મતું પુષ્કળ લખાણ, ચબરાકી રચનાઓ વગેરેના તરફ ફરિયાદ કરીને વિરોધ નોંધાવ્યો છે.

એટલું જ નહિ, 'લલિત નિબંધમાં ખડકાતી કૃતક રચનાઓનો ગંજ, પ્રકૃતિવર્ણનોનું પુનરાવર્તન, કવિતાઈવેડા, અને 'સ્થૂળ 'હું'નું પ્રદર્શન – વગેરે મર્યાદાઓ ચીંધી બતાવી છે. તેમણે મણિલાલ પટેલના 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે' નિબંધસંગ્રહ સંદર્ભે 'પ્રકૃતિના અતિરેકની' અને 'કાવ્યમયતા કવિતાવેડા ન બની જાય' એનું ધ્યાન લલિત નિબંધના લેખકે સતત રાખવા કહ્યું છે.[૨૮]

આ ઉપરાંત આઠમા દાયકાના 'નિબંધ આદિ લલિતગદ્ય' ને મૂલવતાં '...લલિતગદ્યની વિશેષતા કે ખૂબી જે ગણો તે પ્રતિક્ષણે પ્રસ્પંદિત થતું એમાં સર્જકનું વ્યક્તિત્વ છે. એ વ્યક્તિત્વની નાનાવિધ લીલા અને એનો રમણીય વિસ્તાર છે. અને બીજું તત્ત્વ છે એનું ભાવસમૃદ્ધ ઇમોટિવ ગદ્ય. કશા માધ્યમરૂપે નહિ, પણ સ્વયં કળાકૃતિનું, એની રચના-સંરચનાનું કારણ બનીને આવતું ગદ્ય નિબંધ આ બંને તત્ત્વોનો સંપાત છે.'[૨૯] (અલબત્ત અહીં માત્ર સર્જકનિબંધની જ વાતને કેન્દ્રમાં રાખી નથી) અહીં પણ 'વ્યક્તિત્વની નાનાવિધ લીલા' અને (દિગીશ મહેતાની જેમ) 'ઇમોટિવ ગદ્ય' પર ભાર મૂક્યો છે.

'સમકાલીન'માંના લેખમાં તો 'નિબંધ અને એનું સ્વરૂપ' તેમને જાદુગરના ઘર' જેવું લાગે છે.[૩૦] અર્થાત્ લલિત નિબંધમાં રહેલી કૃત્રિમતા, ચમત્કારોનો નિર્દેશ તેઓ કરે છે. તો વળી, નિબંધમાં રહેલા વૈવિધ્યને કે પ્રકારને મહત્ત્વ ન આપતાં એના વડે કલાકૃતિ નિર્માઈ આવે છે કે નહીં તેના પર ભાર મૂકવા જણાવે છે. એટલું જ નહિ પણ તેમના મતે તો નિબંધ આસ્વાદવો એ પણ જેવી તેવી વાત નથી. તેથી જ તેઓ કહે છે કે – 'બંદિશ વિનાની બંદિશને પામવા પંચેન્દ્રિયોને જોતરવી પડે છે. જેમ નિબંધકારનું મુક્તપ્રવાહણ હોય છે એવું જ મુક્તપ્રવાહણ ભાવકનું પણ હોવું ઘટે...' અહીં તેમણે ભાવક પાસે હોવી જોઈતી સજ્જતા અને 'સંવેદનશીલતા' તરફ સંકેત કર્યો છે.

આમ, નિબંધ સ્વરૂપ, તેની રીતિ, નિબંધકારનું કર્મ, ભાવકની સંનિષ્ઠતા અને છેવટે આ સ્વરૂપમાં પ્રવેશતી મર્યાદાઓ તરફ ધ્યાન દોરી સઘન ચર્ચા કરી છે.

આ ચર્ચાઓ ઉપરથી કહી શકાય કે તેમનો હકારાત્મક અભિગમ જે 'ઉત્તમ' છે તેને વર્ણવે છે, ચીંધે છે અને અંતે નિબંધ ક્ષેત્રે 'પોરસાવાય એવી સિલક'નો અનુભવ પણ કરે છે.

નિબંધના આવા સંકુલ સ્વરૂપની ચર્ચા કરતાં જયંત કોઠારી[૩૧] નિબંધનું પ્રધાન લક્ષણ તારવવાં નોંધે છે, 'નિબંધનું પ્રધાન લક્ષણ નવી સામગ્રી નિપજાવવી એ નથી, પણ અસ્તિત્વ ધરાવતી સામગ્રીની સમીક્ષા કરવી એ છે...' અહીં પણ નિબંધકારના જગતને જોવાના, અવલોકવાના વિશિષ્ટ દૃષ્ટિકોણ પર ભાર મૂકાયો છે. એટલું જ નહિ તેમણે તો નિબંધમાં 'વિષય ન પણ હોય' એમ કહી નિબંધકારનો જાત સાથેનો સંબંધ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

તેમના મતે નિબંધની વ્યાખ્યા આપવી એટલે જાણે વર્ણન કરવા જેવું બની રહે છે. ખરેખર જોઈએ તો તેમના આ મતમાં સંમતિસૂચક સૂર નોંધાવવો પડે. કોઈ પણ વિવેચક જ્યારે આવા લવચિક સ્વરૂપ પાસે પહોંચે ત્યારે શું આપવું અને શું ન આપવું એની અવઢવમાં તો રહે જ છે. તેથી જ દરેક સર્જક,

વિવેચક કે વિદ્વાનને આ લલિત નિબંધનું સ્વરૂપ પડકારરૂપ લાગ્યા કર્યું છે. અલબત્ત, એનું કારણ બદલાતા જતાં સમય સાથે, પ્રવેશતી છટાઓ, ભાષારીતિ અને પેલાં બીજાં કૃત્રિમ લખાણો સામે એને સ્પષ્ટ કરી આપવું પણ મુશ્કેલ બની રહે છે. છતાં પોતપોતાની રીતે આવા ભેદોને પ્રગટાવ્યાં તો છે જ, અહીં પણ જયંત કોઠારી 'નિબંધ' સ્વરૂપ માટે 'ઔપચારિક નિબંધ' અને 'લલિત નિબંધ' માટે 'અનૌપચારિક નિબંધ' એવા શબ્દપ્રયોગ કર્યા છે.

(૧૯૮૪ના નિબંધની તપાસ કરતાં) આ ગુજરાતી નિબંધની એક મર્યાદા બળવંત જાનીને પણ નડી કે 'વતનપરસ્તી અને ભૂતકાળને ખોતરીને વર્તમાનને લીલો રાખવાની પ્રવૃત્તિ ગુજરાતી નિબંધ સાહિત્યને આરંભથી વળગેલી છે. એમાંથી હજુ લેખકોએ પૂરેપૂરો છૂટકારો મેળવ્યો નથી.' આ ઉપરાંત ભાવક પક્ષે સેવાના દુર્લક્ષ્યને પણ દર્શાવી 'રુચિનાં પરિમાણો અને વિચારનાં ક્ષેત્રોને વિસ્તારવાની તેમણે વાત કરી છે.[૩૨]

૧૯૮૫ના નિબંધ સ્વરૂપને તપાસતાં સુમન શાહ[૩૩] પણ 'કશું વિશિષ્ટ પ્રભાવક વાતાવરણ' દેખાતું નથી તેની ફરિયાદ કરી, (આધુનિકોએ આ સ્વરૂપમાં નવતર ભૂમિકાએ કશો કસ કાઢ્યો નથી) નિબંધકાર 'પોતાના 'હું'ને વધુ ઘન બનાવી પોતે મુક્ત રહી અને વાચકને તેમાં ફસાવે' એમ કહીને નિબંધકારના સૂક્ષ્મ કર્તવ્ય તરફની વધારે સજગતાની અપેક્ષા રાખે છે. એટલું જ નહિ, નિબન્ધ વ્યક્તિની વ્યક્તિમત્તાનો જ નહીં, (પરોક્ષપણે) આખા સમાજની વ્યક્તિમત્તાનો સૂચક છે – એમ જણાવી, નિબંધકારો આ સ્વરૂપની શક્યતાઓનો વધુ લાભ ઉઠાવે – તેવી જિકર કરી છે.

અહીં સુમન શાહનો અસંતોષ પણ પેલા ઉત્તમ નિબંધની ઉચ્ચ કલાપરક ક્ષમતાને તાગવામાંથી જન્મ્યો છે એમ કહી શકાય.

૧૯૮૬/૮૭ના નિબંધની તપાસ કરીને મણિલાલ પટેલ[૩૪] પરંપરાને અનુસરીને લલિત નિબંધના આટલાં લક્ષણો તારવ્યા છે.

– સર્જક અને ભાવક વચ્ચે યોજાતી ગોષ્ઠી છે.

– સર્જક પોતાના કોઈ એકાદ વિચાર કે સંવેદનને સંયત સ્વરમાં સહજ રીતે વર્ણવે છે – શૈલીમાં અંગતતાની મુદ્રા

– નિબંધકારનું વ્યક્તિત્વ મહત્ત્વનું લક્ષણ

મણિલાલ પટેલને નિબંધનું વાચન – વિવેચન પણ પડકારરૂપ લાગે છે. તેમની દૃષ્ટિએ નિબંધમાં આટલી તપાસ કરવી યોગ્ય છે –

– કૃતિમાં સર્જકચેતના

– સહજ અભિવ્યક્તિ

– સાંપ્રત પરિસરમાં એનું મૂલ્યાંકન

– સંવેદન સામગ્રી સાથે ભાષા-અભિવ્યક્તિનો સંવાદ

અહીં મણિલાલ પટેલને પ્રવીણ દરજીની નિબંધની વ્યાખ્યા જાડી લાગે છે, પણ અગાઉ આપણે નોંધ્યું છે તેમ કોઈ પણ વિવેચક સામે જે - તે સમયને અનુલક્ષીને, જે - તે રચનાઓને સ્વ-રુચિ

પ્રમાણે ધ્યાનમાં રાખીને જે અભિપ્રાય પ્રગટતો હોય ત્યારે દરેક વિવેચકની વ્યાખ્યાઓ અધૂરી કે અપૂર્ણ જ રહે. એ સ્વાભાવિક છે.

રમણ સોની પણ ઉમાશંકર જોશીની વિચારણા – 'લલિત નિબંધો લખવા એ ગદ્યની કસોટીરૂપ છે.'માં કવિનામ્ નિકષમ નહીં, પણ ગદ્યની કસોટી અને એની મૂલ્યવત્તા બંનેનો સૂચક નિર્દેશ જુએ છે. તેથી જ ભારપૂર્વક 'કવિતાના વિકલ્પે આવતા ગદ્યને નહીં, પણ ગદ્ય ગદ્ય રહીને જ આવતા, સર્જનાત્મક બનતા લલિત નિબંધને જ વિશિષ્ટ સાહિત્ય સ્વરૂપ ગણવાનું' જણાવે છે. આવા 'સંપૂર્ણ સર્જનાત્મકતાનું પ્રાધાન્ય ધરાવતા નિબંધોને અલગ તારવીને જ વાત કરવા પર તેઓ ભાર મૂકે છે.[૩૫]

રમણ સોનીએ છાપામાં લખાતી કોલમોના ગળચટ્ટા ગદ્ય વિશે અણગમો વ્યક્ત કર્યો છે. તો બીજી બાજુ સુરેશ દલાલ જેવામાં 'જે સારું છે તે પણ દટાઈ જાય છે' એમ કહે છે, ત્યારે તેમની તટસ્થ નિરીક્ષક, વિવેચક તરીકેની દૃષ્ટિનાં દર્શન થાય છે. તેમણે જે-તે સમયે આવતાં સારા, ઉત્તમ લલિત અંશોવાળી રચનાઓની પણ ચર્ચા કરી છે. તેથી જ અગ્રંથસ્થ નિબંધકાર ભરત નાયકના નિબંધોમાં 'સંવેદનની નક્કર નકશીદાર આકૃતિઓ 'નિહાળીને 'વિશ્રંભગોષ્ઠીનું એક લાક્ષણિક રૂપ તેમને પામ્યું છે.

સુરેશ જોષીના ઉત્તરકાલીન નિબંધોની મર્યાદાઓ પ્રમોદકુમાર પટેલ (સન્ધાન-૩)માં સારી રીતે પકડી શક્યા છે. એટલું જ નહિ, પણ બેકનની સામે ઊલટું વિધાન કર્યું – 'નિબંધ શબ્દ જૂનો છે, પણ વસ્તુ જેવી છે.' તેમણે લલિત નિબંધમાં પ્રગટ થતી વ્યક્તિત્વની 'આત્મલક્ષિતા' અને 'પ્રત્યક્ષતાનો' મહિમા આલેખતાં મોન્ટેઇનના વિધાનને ટાંકીને નિબંધમાં પ્રગટતા સર્જક વ્યક્તિત્વની વિસ્તૃત ચર્ચા કરી છે અને સૂત્રવાક્ય આપતાં નોંધ્યું છે કે 'નિબંધમાં 'સબ્જેક્ટ'નું નહીં, 'સબ્જેક્ટિવીટીનું', 'વિષયનું નહીં, પણ વ્યક્તિત્વનું સંક્રમણ સધાતું હોય છે.'

અહીં પણ નિબંધકાર અને ભાવક વચ્ચે સધાતી નિકટતા, શૈલીમાં પ્રગટ થતી પારદર્શકતા અને નિબંધકારની વિશિષ્ટ આલેખનરીતિ તરફનો સંકેત મળે છે.

ઉત્તમતાના આગ્રહી હોવા છતાં પેલા નિર્બંધ સ્વરૂપ પાસે પહોંચતા નિખાલસતાથી કબૂલે છે કે 'નિબંધની એક સાહિત્ય સ્વરૂપ તરીકેની ક્ષમતા એની ઠીકઠીક પથરાયેલીને છતાં પરસ્પર ગૂંથાએલી – ક્યારેક ગૂંચવાયેલી પણ ખરી. એવી સ્વરૂપ રેખાઓમાં પડેલી છે. એટલે આ સ્વરૂપની મુદ્રા ખાસ્સી વિલક્ષણ છે. નિબંધ એક કૃતિ તરીકે ભલે સીધી – સોંસરી ગતિવાળો છે, પણ એનું સ્વરૂપ, જરાક – જરાક શું ઠીક ઠીક પેચીદું છે.'

'(પણ છતાં) આવા સ્વરૂપમાં રહેલી વિરોધી વિગતો અથડાઈ જવાના જોખમ હોવા છતાં સ્વરૂપ ચર્ચાનાં સાહસો થતાં રહેવાનાં – એમ કહી આ સ્વરૂપમાં રહેલી અસ્પષ્ટતાઓ તરફ નિર્દેશ કર્યો છે.

આ ઉપરાંત 'નિબંધ' સંજ્ઞા હેઠળ લલિત નિબંધને અને નિબંધને માત્ર વિભેદક વિશેષણોથી ઓળખી કામ ચલાવવાનું સૂચન કરી અંતે નોંધે છે કે 'નિબંધનું સ્વરૂપ એવું ખુલ્લું, કંઈક નિરાધાર ને નિરાલંબ છે.'

હવે, જયદેવ શુક્લના મતને જોઈએ.

'લલિત નિબન્ધ, આમ તો પ્રથમ પુરુષ એકવચનની જ લીલા છે. આ પ્રથમ પુરુષ એકવચન વાગવાને બદલે પ્રકૃતિમાં ને પછી કૃતિમાં ઓગળીને વિસ્તરે ત્યારે, જગતને પંચેન્દ્રિયથી વિસ્મય સહિત માણી-પ્રમાણી તેને રૂપાયિત કરવામાં આવે ત્યારે, તેમ જ લલિત ગદ્યમાં સંવેદન સાથે ચિન્તનનું એકાયન સિદ્ધ થાય ત્યારે કેવું સ્પૃહણીય પરિણામ આવે તે આસ્વાદવું હોય તો સુરેશ જોષીના નિબન્ધો પાસે જવું પડે.'[૩૬]

અહીં લલિત નિબંધમાં પ્રગટતા પ્રથમ પુરુષમાં અવાજને પ્રાપ્ત થતી રૂપાંતરની પ્રક્રિયા કેવી સૂક્ષ્મ અને સઘન હોવી જોઈએ તેનો સંકેત છે. તો બીજી બાજુ 'ચિંતન અને સંવેદનની એકરૂપતા' સધાવી જોઈએ તેના પર ભાર મૂક્યો છે. ઉપરોક્ત વિશેષતાઓ તેમણે સુરેશ જોષીના નિબંધોમાં જોઈ છે.

પણ જ્યારે આવી અપેક્ષાઓ – ઉત્તમ અંશો પેલા (તેમના જ શબ્દોમાં કહીએ તો) 'મબલખ ફાલ'માં જોવા મળતી નથી ત્યારે આક્રોશ સાથે અહીં પણ આવી ફરિયાદ જન્મે છે.

'આપણો નિબન્ધકાર સપાટી ફોડીને ઊંડાણમાં લઈ જઈ પાણીદાર મોતી જેવી કૃતિની ભેટ કેમ ધરી શકતો નથી ? કે પછી એ બધું ઝટપટ ગાંઠે બાંધવામાં પડ્યો છે ?'

અહીં જન્મતી ફરિયાદમાં પણ નિબંધકાર પાસેથી રખાતી ઉત્તમ કલાત્મક કૃતિની અપેક્ષાનો છે.

આ નવમા દાયકાના લલિત નિબંધને તપાસતાં તેમના મતે 'સંખ્યાની પ્રભાવકતા' જેટલી છે એટલી ગુણવત્તા જોવા મળતી નથી. તેથી જ આ દાયકામાં સસ્તી પ્રાસરમતો, શબ્દરમતો, ચબરાકીભરી વ્યાખ્યાઓ ને વિચારોના કૂદકાઓને સમાવતી નિબંધરચનાઓની કૃત્રિમતાઓ તેમને કઠે છે.

તેમણે ('શોધ નવી દિશાઓની'માં) નવા અવાજોમાં ગુલામમોહમ્મદ શેખ અને ભરત નાયકના નિબંધો વિશે પણ ચર્ચા કરી છે અને આ બંને નિબંધકારોની નોખી રીતિ અને વિષયનાવીન્ય તેમણે નિહાળ્યું છે.

નિબંધકાર ભોળાભાઈ પટેલ રમેશ દવે પણ નર્મદના નિબંધ વિષયક વિચારને મૂલવીને પોતાનો મત આ પ્રમાણે રજૂ કરે છે :

'પેલી સર્જક વેણ અને આત્મભાનાના નર્મદ દૃષ્ટાંત રૂપ તંગ દોર પર નિબંધકારે સઘળાં નૃત-નર્તનો કરવાં રહે ! 'અહીં તેમણે પણ નિબંધકારનું કર્મ કેટલું સૂક્ષ્મ, કઠિન અને કાળજી માગી લે તેવું છે તે તરફ સંકેત કર્યો છે. આ ઉપરાંત તેમણે કવિ, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક અને નાટ્યકારની તુલનામાં નિબંધકારને રિક્તપાણિ, નર્યો, નિરાળો આધાર વિનાનો' કહી નિબંધકારે કરવાના માત્ર 'જાતના આલેખન' પર જ, કેવળ અનુભૂતિની લીલાને નિપજાવવાના કર્તવ્યમાં આવતી મુશ્કેલીનો અણસાર આપી દીધો છે. તેથી જ નિબંધકારે 'કોરા પાને પુનર્ભવન કરવાનું છે.' કહીને નિબંધકારની કૃતિમાં આલેખાતી કલાત્મક બાંધણી અને આકાર તરફ અંગુલિનિર્દેશ કર્યો છે.[૩૭]

અહીં તેમણે ઉમાશંકર જોશીએ કરેલી નિબંધ વિષયક ચર્ચા ઉપરથી સંક્ષેપમાં તારણ કાઢી નોંધ્યું છે કે 'બિનધાસ્ત કહી શકાય કે દુન્વયી જગત કનેથી સાંપડેલી અનુભવ મૂડી (ફિઝિકલ એક્સ્પિરિઅન્સ)ને અનુભૂતિ (સાઇકિક એક્સપિરિયન્સ)માં રૂપાયિત કરવાની કલા નિબંધકારે સિદ્ધ

કરવી રહે...' અહીં પણ નિબંધકાર પાસે રખાતી વિશિષ્ટ રજૂઆત રીતિ – પરત્વેની સૂઝ અને ચૈતસિક લીલાના પ્રગટીકરણની કલાત્મક રજૂઆત તરફ ધ્યાન દોર્યું છે.

તેમણે પ્રેમચંદજીની શીખને યાદ કરી ('આંખે પેદા કરો, દિદાર અપને આપ હો જાયેગા') નિબંધકારની જગતને જોવાની વિશિષ્ટ દૃષ્ટિને જ મહત્ત્વની ગણી છે. (તેમના શબ્દોમાં કહીએ તો) તેમણે ભરતવાક્ય મૂક્યું – 'નિબંધ અને નિબંધકારની સ્થિતિ, પિંડે તે બ્રહ્માંડે અને બ્રહ્માંડે તે પિંડે સમી છે.' અહીં સર્જકચેતનાનું પેલી વિશિષ્ટ દૃષ્ટિમાં થતું એકાકારપણું રૂપાંતર તરફનો સંકેત મળે છે. તેમણે ઉમાશંકર જોશીની વ્યાખ્યાઓની ફેરતપાસ કરી છે જે મહત્ત્વની બની રહે છે.)

ઉપરોક્ત વિવેચકોનાં મંતવ્યોની ચર્ચા ઉપરથી લલિત નિબંધ સ્વરૂપની ક્ષમતાઓ તાગવાનાં દરેક વિવેચકોના પ્રયત્નોમાંથી નવાં મૂલ્યો, ધોરણો ઊપસતાં જાય છે. એટલું જ નહિ, પણ લલિત નિબંધ સામે રહેલી કૃતક રચનાઓ, રચનારીતિને ઓળખવાની સૂઝ પણ મળી રહે છે. આવા વિવેચનો પણ દરેક વિવેચનની દૃષ્ટિ-રુચિ પ્રમાણે થતાં હોવાથી એમાં પણ ક્યારેક મત-મતાંતર કે સામ્ય-ભેદ તો રહેવાનાં જ પણ છતાં આવા પ્રકારની ચર્ચાઓ પેલા લલિત નિબંધ સ્વરૂપ પાસે પહોંચતા સર્જકો, ભાવિ વિવેચકો, અભ્યાસીઓ અને ભાવકો માટે પ્રેરણારૂપ મદદરૂપ તો બની રહે છે.

અહીં આપેલી વ્યાખ્યાઓ કે મત પણ અધૂરા કે અપૂર્ણ જ રહેવાના. નિબંધની ગમે તેવી વ્યાખ્યા આપો પણ આખરે તો અધૂરી રહેવા જ સર્જાતી હોય છે. એ રીતે પશ્ચિમને આધારે અપાયેલી નિબંધની વ્યાખ્યા કદાચ ભારતીય ભાષાઓમાં લખાયેલી નિબંધરચનાને અનુકૂળ ન પણ આવે.

અહીં માત્ર વિવેચકોનાં નિબંધ પ્રત્યેના મતોનો જ સમાવેશ કર્યો છે. તેમણે કરેલી નિબંધરચનાઓ વિશેના વિવેચનનો ઉલ્લેખ પુનરાવર્તન ન થાય એ માટે ટાંક્યા નથી. વળી, સુરેશ જોષી સુધી આવતાં લલિતનિબંધ સ્વરૂપની કૃત્રિમતા કે આયાસી રચનાઓના જે ઉદાહરણો મળતાં નથી, તે પાછળનાં વિવેચકોની ચર્ચામાં જે – તે નિબંધકારોના નિબંધોના ઉલ્લેખ સાથે મળી રહે છે, તે નોંધનીય છે.

પાદટીપ


૧. 'નિબંધ : સ્વરૂપ-વિકાસ', પ્રવીણ દરજી, ૧૯૭૫, અનડા પ્રકાશન, અમદાવાદ

૨. 'લલિત નિબંધસંચય', સં. ભોળાભાઈ પટેલ, રમેશ દવે પ્ર.આ.૧૯૯૮

૩. 'દલપતકાવ્ય ભાગ ૨', આવૃત્તિ ૪, પૃ.૪૪

૪. 'કોઈ પણ બાબત ઉપર પોતાના જે વિચાર હોય તે બીજાને લખી જણાવવા', 'નિબંધરીતિ', આવૃત્તિ-૩ ,૧૮૮૯ પૃ.૪

૫. 'નિબંધસાહિત્ય સ્વરૂપ-વિકાસ', પ્રવીણ દરજી, પૃ.૮૪, ૧૯૭૫

૬. 'ઉપાયન', વિ.ર.ત્રિવેદી, ૧૬૭ પૃ.૧૩૨

૭. 'નિબંધમાલા', પૃ.૨૧, ૧૯૩૯

૮. 'મણિલાલની વિચારધારા', સં.ધીરુભાઈ ઠાકર

૯. 'નિબંધ સ્વરૂપવિકાસ', પૃ.૮

૧૦. નરસિંહરાવ દિવેટિયા, 'વિવર્તલીલા'નું નિવેદન

૧૧. પ્રવીણ દરજીએ 'નિબંધ સ્વરૂપવિકાસ'માં નરસિંહરાવ દિવેટિયાના સર્જકવ્યક્તિત્વની વિગતે નોંધ લીધી છે. જુઓ પૃ.૧૧૭-૧૩૧

૧૨. ' સ્વૈરવિહાર ખંડ-૧,' સ્વૈરવિહાર-૧ પૃ.૨૦૪ 'સ્વૈરવિહાર વિશે વધુ' નામના લેખમાં તેમના આ મનની લાક્ષણિકતાઓ તથા લલિત નિબંધના સર્જકની સઘળી લાક્ષણિકતાઓ – વિશિષ્ટતાઓ ભોળાભાઈ, રમેશ દવે નિહાળે છે. વધુ વિગત માટે જુઓ 'લલિત નિબંધસંચય', સં.ભોળાભાઈ પટેલ, રમેશ દવે પૃ.૯/૧૦)

૧૩. જુઓ 'નિબંધ અને ગુજરાતી નિબંધ', જયંત કોઠારી, પૃ.૨૮, 'કાલેલકર ગ્રંથાવલિ,૪'

૧૪. 'નિબન્ધમાળા' સં.વિશ્વનાથ ભટ્ટ, પૃ.૩૮, ૧૯૪૦

૧૫. એજન પૃ.૧૬ વળી જુઓ, 'નિબંધ અને ગુજરાતી નિબંધ', સં.જયંત કોઠારી, પૃ.૯૪

૧૬. 'જૂઈ અને કેતકી' – વિજયરાય ક.વૈદ્ય પૃ.૨૨૭, પ્રવીણ દરજીએ વિજયરાય ક.વૈદ્યની ઉપરોક્ત વ્યાખ્યામાં લલિત નિબંધનાં બધાં લક્ષણોનો સમાવેશ કરવાનો પ્રયત્ન જોયો છે. પૃ.૨૬

૧૭. 'પ્રસ્થાન'માં સુન્દરમ્‌કૃત નિબંધ વિષયક લેખમાળા, શ્રાવણ-ભાદરવો, આસો, ૨૦૦૩ માગશર, મહા-૨૦૦૪ પાછળથી ગ્રંથસ્થ 'સાહિત્યચિંતન'(૧૯૭૮)માં, રમણ સોનીએ 'સમકાલીન'માં આ વિશે કરેલી ચર્ચામાંથી ઉદ્‌ધૃત

૧૮. 'નિબંધ અને ગુજરાતી નિબંધ', જયંત કોઠારી, પૃ.૪૬, બીજી આવૃત્તિ, ૧૯૯૫

૧૯. 'લલિત નિબંધસંચય', સં.ભોળાભાઈ પટેલ, રમેશ દવે

૨૦. 'કવિની સાધના', ઉમાશંકર જોશી પૃ.૧૭૬/૧૭૭

૨૧. 'ઉપાયન', પૃ.૨૭

૨૨. 'જનાન્તિકે', સુરેશ જોષી, પ્રસ્તાવના

૨૩. 'સુરેશ જોષીની સર્જનયાત્રા', ડૉ માલા કાપડિયા, પૃ.૨૦, પ્ર.આ.૧૯૯૧

૨૪. ગુજરાતી સર્જનાત્મક ગદ્ય – સુરેશ જોષી પ્ર.આ. ૧૯૮૧

૨૫. આ મતની ફેરતપાસ રમણ સોનીએ ફા.ગુ.સ.ત્રૈમાસિક, જાન્યુઆરી/માર્ચ, ૨૦૦૨માં કરી છે.

૨૬. 'દૂરના એ સૂર', દિગીશ મહેતા, બીજી આવૃત્તિ, ૧૯૯૩. વળી, જુઓ' નિબંધ અને ગુજરાતી નિબંધ' સં.જયંત કોઠારી, ૧૯૭૬, 'નિબંધ અને હું' શીર્ષક હેઠળ નિબંધ વિશે વાત કરી છે.

૨૭. નિબંધ અને – પ્રવીણ દરજી (પ્ર.આ.૧૯૯૩)

૨૮. જુઓ સન્ધા – પ્રવીણ દરજી (પૃ.૪૯)૧૯૮૫ના લલિતનિબંધની ચર્ચા કરી છે.

૨૯. ગુ.સા.નો આઠમો દાયકો – સં.ભોળાભાઈ પટેલ પ્ર.આ.૧૯૮૨ (પૃ.૧૧૪)

૩૦. વિગતવાર ચર્ચા માટે જુઓ – સમકાલીન ડિસેમ્બર, ૨૦૦૧માંનો લેખ (નિબંધ પ્રકારોની વિશેષ ઉપલબ્ધિઓ યાને કે ઘરમાં ડોકિયું)

૩૧. 'નિબંધ અને ગુજરાતી નિબંધ ', સં.જયંત કોઠારી, બીજી આવૃત્તિ,૧૯૯૫, 'નિબંધ – વ્યાખ્યા, વ્યાપ, વ્યાવર્તકતા'

૩૨. (સંધાન-૧, ડિસે., ૧૯૮૫)

૩૩. ખેવના – સુમન શાહ (પ્ર.આ. ૧૯૮૫ પાર્શ્વ પ્રકાશન પૃ.૮૫થી ૮૮ 'નિબન્ધ – આજે ?) તેમણે 'આધુનિક સાહિત્યસંજ્ઞા કોશમાંની ચંદ્રકાન્ત ટોપીવાળાની નિબંધ વિશેની ઓળખ આપતી (મોન્ટેઇનની વ્યાખ્યા પરથી) વ્યાખ્યામાંથી પણ કેટલીક બાબતો સ્પષ્ટ કરી છે.(જુઓ સ્વરૂપ – સન્નિધાન પ્ર.આ.૧૯૯૭, પૃ.૨૬૦)

૩૪. 'સન્ધાન -૩', ૧૯૮૭ લલિત નિબંધ ૧૯૮૬ મણિલાલ પટેલ

૩૫. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાત', સં.શિરીષ પંચાલ ૧૯૯૧, જુઓ 'લલિત નિબંધ' રમણ સોની

૩૬. 'શોધ નવી દિશાઓની' પ્ર.આ. માર્ચ – ૧૯૯૩ – સં.શિરીષ પંચાલ, જયંત પારેખ, 'લલિત નિબંધ નવમો દાયકો'

૩૭. 'લલિત નિબંધસંચય', સં.ભોળાભાઈ પટેલ, રમેશ દવે ૧૯૯૮